# પંચમહાલ જિલ્લામાં ખેડૂતોને વીજ બીલના ફિક્સ ચાર્જમાં રાહત

(૧) મીટર આધારિત વીજ બીલ ભરતા ખેડૂતોએ વીજ બીલમાં ભરવાના થતા ફિક્સ ચાર્જનો દર અગાઉ શું હતો?

- આ દરમાં ખેડૂતોને રાહત આપવા માટે રાજ્ય સરકાર દ્વારા કેટલો ઘટાડો કરવામાં આવેલ છે?

માનનીય ધારાસભ્યશ્રી સી.કે.રાઉલજી

## જવાબ

- રાજ્યના અલગ અલગ વિસ્તારોમાં ભૂગર્ભ જળના તળ અલગ અલગ હોઇ રાજ્યના જે વિસ્તારોમાં ભૂગર્ભ જળના તળ ઊંચા છે તે વિસ્તારના ખેડૂતોને ઓછી ક્ષમતાના મોટર પમ્પ સેટને લીધે વીજ બીલમાં ફિક્સ ચાર્જ ઓછો ભરવાનો થતો હતો જ્યારે જે વિસ્તારોમાં ભૂગર્ભ જળના તળ નીચા છે ત્યાં ખેડૂતોએ વધુ ક્ષમતાના મોટર પમ્પ સેટનો ઉપયોગ કરવો પડે છે જેને કારણે તેમને વીજ બીલમાં ફિક્સ ચાર્જ વધુ ભરવો પડતો હતો જેને કારણે ખેડૂતોને ખેત પેદાશોની પડતર કિમતમાં પણ વધારો થતો હતો.
- આમ ખેડૂતોની મુશ્કેલીને ધ્યાનમાં લઈને રાજ્ય સરકારે મીટર આધારિત વીજ બીલ ભરતા ખેડૂતોએ વીજ બીલમાં ભરવાના થતા ફિક્સ ચાર્જમાં ઘટાડો કરવાનો ખેડૂત હિતલક્ષી નિર્ણય કરેલ છે.
- ફિક્સ ચાર્જનો દર અગાઉ હોર્સ પાવર દીઠ માસિક રૂ. ૨૦/- હતો.
- આ દરમાં ઘટાડો કરવામાં આવેલ છે.

૭.૫ હોર્સ પાવર સુધીના વીજ ભાર માટે પ્રતિ હોર્સ પાવર માસિક ફીક્ષ ચાર્જ રૂ. ૧૦/- કરવામાં આવેલ છે. જ્યારે ૭.૫ હોર્સ પાવરથી વધુના વીજ ભાર માટે રૂ. ૫/- પ્રતિ હોર્સ પાવર માસિક ફીક્ષ ચાર્જ કરવામાં આવેલ છે.

(PTO)

- આમ, મીટર આધારિત વીજ બીલ ભરતા ખેડૂતોને વીજબીલમાં ભરવાના થતાં ફીક્ષ ચાર્જમાં ૫૦% થી ૭૫% જેટલો ઘટાડો કરવામાં આવેલ છે.
- ૭.૫ હોર્સ પાવરથી વધુના વીજ ભાર માટે રૂ. ૫/- પ્રતિ હોર્સ પાવર માસિક ફીક્ષ ચાર્જ કરવામાં આવેલ છે. એટલે કે ૭૫% ઘટાડો કરવામાં આવેલ છે, જેને કારણે પાણીના તળ નીચા હોવાને કારણે વધુ ક્ષમતાની મોટર પમ્પ સેટ ધરાવતા ખેડૂતને ફીક્ષ ચાર્જમાં વધુ રાહત થયેલ છે.

**(૨) રાજ્યના મીટર આધારિત વીજ બીલ ભરતા ખેડૂતોએ વીજ બીલમાં ભરવાના થતા ફિક્સ ચાર્જમાં ઘટાડો કરવાના રાજ્ય સરકારના ખેડૂત હિતલક્ષી નિર્ણયને કારણે કેટલા ખેડૂતોને તા ૩૧.૧૨.૨૩ની સ્થિતિએ વીજ બિલમાં વાર્ષિક કેટલી રાહત મળેલ છે?**

માનનીય ધારાસભ્યશ્રી - નિમિષાબેન સુથાર

**જવાબ**

- રાજ્યના મીટર આધારિત વીજ બીલ ભરતા ખેડૂતોએ વીજ બીલમાં ભરવાના થતા ફિક્સ ચાર્જમાં ઘટાડો કરવાના રાજ્ય સરકારના ખેડૂત હિતલક્ષી નિર્ણયને કારણે તા ૩૧.૧૨.૨૩ની સ્થિતિએ રાજ્યના મીટર આધારિત વીજ બીલ ભરતા ૧૪ લાખથી વધુ ખેડૂતોને વીજ બીલમાં વાર્ષિક રૂ. ૨૨૧ કરોડથી વધુની રાહત મળેલ છે.

**(3) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં મીટર આધારિત વીજ બીલ ભરતા તાલુકાવાર કેટલા ખેડૂતોને વીજ બીલમાં ફિક્સ ચાર્જમાં વાર્ષિક કેટલી રાહત મળેલ છે?**

માનનીય ધારાસભ્યશ્રી - ફતેહસિંહ ચૌહાણ – કાલોલ

**જવાબ**

તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં મીટર આધારિત વીજ બીલ ભરતા તાલુકાવાર ખેડૂતોને વીજ બીલમાં ફિક્સ ચાર્જમાં વાર્ષિક આપવામાં આવેલ રાહત.

| અનુ. ક્રમ. | તાલુકાનું નામ | મીટર આધારિત ખેડૂતોની સંખ્યા | કુલ ફિક્સ ચાર્જમાં વાર્ષિક રાહત (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ગોધરા | ૩૨૮૩ | ૨૦ લાખ |
| ૨ | શહેરા | ૩૪૮૨ | ૧૯ લાખ |
| ૩ | મોરવા | ૩૨૧૨ | ૧૫ લાખ |
| ૪ | હાલોલ | ૨૮૩૩ | ૨૬ લાખ |
| ૫ | કાલોલ | ૪૨૨૩ | ૩૧ લાખ |
| ૬ | ઘોઘંબા | ૫૭૯૬ | ૩૪ લાખ |
| ૭ | જાંબુઘોડા | ૩૮૦૮ | ૨૨ લાખ |
| **કુલ** | | **૨૬,૬૩૭** | **૧ કરોડ ૬૭ લાખ** |